Here, the student have gained the practical knowledge about the mechanism of flying the drone and it's working.

દિવ્ય ભાસ્કર **જૂનાગઢ ભાસ્કર 14-07-2022**

# બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજના 75 છાત્રોને ડ્રોન ઉડાડવાની તાલીમ

**ઇનોવેશન કલબ અંતર્ગત ટેલીસ્કોપ, રોબોટ જેવા વૈજ્ઞાનિક સાધનોની 4 દિવસીય તાલીમ શીબીર**

એજ્યુકેશનરીપોર્ટર. જૂનાગઢ

વિજ્ઞાનમાં સ્નાતક ભણતા કોલેજીયનોને આધુનીક સાધનોના ઓપરેટીંગની તાલીમ મળી રહે એ માટે જૂનાગઢની બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજમાં ઇનોવેશન કલબ નામના નવા પ્રકલ્પ હેઠળ 4 દિવસીય તાલીમ શીબીર યોજાઇ હતી. બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજ ખાતે ગુજરાતના શિક્ષણ વિભાગના નવા પ્રકલ્પ 'ઈનોવેશન કલબ' અંતર્ગત આધુનિક વૈજ્ઞાનિક સાધનોની 4 દિવસીય તાલીમ શિબિર યોજાઇ હતી. જેમાં ગુજકોસ્ટના સહયોગથી એક હાઇટિક સાયન્સ તાલીમ અપાઇ રહી છે. અત્યંત આધુનિક એવા ટેક્નોલોજીકલ વૈજ્ઞાનિક સાધનોની તાલીમનો પ્રારંભ જાણીતા શિક્ષણવિદ ગીજુભાઈ ભરાડ દ્વારા કરાયો હતો. આ તકે કોલેજના પ્રિન્સિપાલ ડો. રાજેશ પી. ભટ્ટ દ્વારા વિદ્યાર્થીઓને નવી ટેકનોલોજીથી સજ્જ થઈ રાષ્ટ્રની સેવા કરવા આહ્વાન કર્યું હતું. કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડો. મનીષ જાની દ્વારા કરાયું હતું. આ તાલીમ સરકાર નિયુક્ત ઈજનેર અલ્પેશભાઈ મારુએ આપી હતી. જેમાં 75 વિદ્યાર્થીઓને રોબોટીક, ટેલિસ્કોપ, ઇલેક્ટ્રોનિક અને ડ્રોન જેવા સાધનોનો ઉપયોગ કેવી રીતે અને ક્યાં કરી શકાય એની તાલીમ અપાઇ હતી.

